ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

સંબંધો
બગડવાનું
એક કારણ એ પણ છે
કે લોકો
સમજે છે ઓછું
ને સમજાવે છે વધારે

## જન્મદિને વધામણી



**ડો. વિઠ્ઠલભાઈ એન પટેલ**
મદદનીશ પશુપાલન નિયામક, ગાંધીનગર
મો. ૯૯૭૪૩ ૨૩૭૧૨



**અનિલ પટેલ**

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
સ્મર્ફ્સ (હિન્દી, ૩ડી)
૬.૧૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮ (હિન્દી, ૩ડી)
૧.૧૫, ૩.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮ (અંગ્રેજી, ૩ડી)
૮.૦૦
સ્મર્ફ્સ (અંગ્રેજી, ૩ડી)
૧૧.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
સવારે ૧૦.૦૦
માતૃ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
બેગમ જાન
૭.૦૦

**સ્ક્રીન-૫**
નૂર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

# સર્વ વિદ્યાલય પરિસરમાં જામી શિબિરની મોસમ







ગાંધીનગર શહેરમાં ઉનાળુ શિબિરોનો મહિમા ઘણો છે. વૅકેશન પડે એટલે વિવિધ પ્રકારની શિબિરોનો આરંભ ગાંધીનગરમાં થઈ જાય છે. આ વખતે પણ આવી શિબિરોની મોસમનો પ્રારંભ થઈ ચૂક્યો છે ને હાલ ગાંધીનગરમાં શિબિરોની મોસમ પૂરબહારમાં ચાલી રહી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓનો શિબિર એકસાથે સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે ચાલી રહ્યો છે, જેના કારણે કૅમ્પસમાં સવારે તો મેળાવડો જામ્યો હોય એવું વાતાવરણ સર્જાય છે. આર ઍન લલિતકલા ઍકેડેમી, ક્રિએટીવ ઝોન અને ટૉય હાઉસ દ્વારા આયોજિત આ શિબિરમાં ડાન્સ, કરાટે, કેરમ, રાઈફલ શૂટીંગ, ડ્રોઈંગ, રૉક ક્લાઈમ્બિંગ, સંગીત, ચૅસ, બાસ્કેટ બૉલ ઉપરાંત નાનાં બાળકોને ગમે તેવી અનેક રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી, વિનસ ખાતે

## રેડિયો અને મનોરંજન ક્ષેત્રમાં ઉપલબ્ધ તકો વિશે વક્તવ્ય



### આરજે ધ્વનિતે વિદ્યાર્થીઓને પોતાનામાં રહેલી વિકાસશૈલી ચકાસવા, વિકસાવવા ઉપરાંત આત્મનિર્ભર બનવા માટેની પણ સલાહ આપી

ગાંધીનગર, તા. ૨૧

આદિશ્વર કૉલેજ ઑફ ટૅકનોલૉજી, વિનસ ખાતે રેડિયો અને મનોરંજન ક્ષેત્રમાં ઉપલબ્ધ તકો વિશે વિદ્યાર્થીઓને અવગત કરાવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આરજે ધ્વનિત દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતી પૂરી પાડવામાં આવી હતી.

રેડિયો અને મનોરંજનના ક્ષેત્રમાં રસ ધરાવતા ઈજનેરી, ફિઝીયોથેરાપી, આર્કિટેક્ચરના ૨૦૦થી ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત 'ગુરુર બ્રહ્મા...' શ્લોકથી કરવામાં આવી હતી. એ પછી આરજે ધ્વનિતે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પોતાનામાં રહેલી વિકાસશૈલી ચકાસવા, વિકસાવવા અને આત્મનિર્ભર બનવા માટેની સલાહ આપી હતી.

ઉપરાંત રેડિયો જૉકીનું મહત્ત્વ, તેના માટેની લાયકાત અને રેડિયો જગતનું મહત્ત્વ પણ તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

## મધ્યરાત્રિથી લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

ગાંધીનગર, તા. ૨૧

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં ક્વોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ગુરુવાર મધ્યરાત્રિથી ઉલ્કાવર્ષાનો પ્રારંભ થયો છે. આગામી તા. ૨૪મી એપ્રિલ સોમવાર પરોઢ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વસ્તારોમાં આ નજારો જોવા માટે પડાવ નાખી દીધા છે.

તા. ૨૧મીએ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે, એવી આગાહી કરવામાં આવી છે.

લાયરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ ચાર દિવસ ગુરૂવાર મધ્યરાત્રિથી સોમવાર પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે, એમ ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા જણાવવામાં આવ્યું છે.



સમતા નિર્વાણ સેવા ટ્રસ્ટ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતી નિમિત્તે ભીમકથા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભીમકથા રાકેશ પ્રિયદર્શી દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય શંભુજી ઠાકોર, મેયર ગૌતમ શાહ, મ્યુનિસિપલ કાઉન્સિલર ચેતન પટેલ, કરિશ્માબેન શાહ, ચંચળબેન પરમાર અને સામાજિક કાર્યકર ઈશ્વરભાઈ દેસાઈ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૧ અંગ્રેજી માધ્યમમાં ૯૩.૦૨ ટકા પ્રાપ્ત કરનાર સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીનગરના વિદ્યાર્થી રિયાન પ્રદીપ પટેલને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો હતો. રિયાનને સંસ્થા તરફથી પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શિક્ષણપ્રેમીઓ, પદાધિકારીઓ, સમાજઅગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર, તા. ૨૧

ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતી પ્રસંગે ગાંધીનગર જિલ્લાના માણેકપુર ગામે વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ પટેલ દ્વારા વ્યસન મુક્તિ અંગેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વૉઈસ ઑફ ગાંધીનગર અખબારના તંત્રી બાબુભાઈ ઍચ મેસરવાલા, ગાંધીનગર જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચૅરમૅન ઍલ ઍન પરમાર તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત ગુલાબચંદ પટેલ દ્વારા દારુ, બીડી, તમાકુ, ગુટખા જેવાં વ્યસનોથી થતા રોગો અને આર્થિક નુકસાનની વિગતો ગ્રામજનોને જણાવવામાં આવી હતી. બીડીબાઈની જાન, સિગારેટબેનના લગ્નની કંકોતરી ઉપરાંત યારોં મૈંને પીના છોડ દિયા જેવાં ગીતો પણ રજૂ કરી તેમણે ગ્રામજનોને મનોરંજન સાથે વ્યસનમુક્તિ માટેનો અસકારક સંદેશો આપ્યો હતો. કાર્યક્રમના અંત ભાગમાં તેમણે ઉપસ્થિત સૌ ગ્રામજનોને વ્યસનમુક્તિ અંગેના શપથ પણ લેવડાવ્યા હતા.

ઉપસ્થિત સૌ ગ્રામજનો દ્વારા તેમની આ ઉમદા પ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી.

# ધરતીદિન : સહિયારા નાના પ્રયાસો આપશે મોટું પરિણામ

### સમગ્ર બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી પર જ જીવનનું અસ્તિત્વ છે અને પૃથ્વી પર જીવસૃષ્ટિ ટકાવી રાખવા માટે કુદરતી સંપદાની જાળવણી કરવી ખૂબ જ જરૂરી છે.

**પ્રસંગસર**
**નરેશભાઈ ઠાકર**
nareshkthakar@gmail.com

પર્યાવરણ વિષયક જનજાગૃતિમાં ઊમેરો કરવા તેમજ પર્યાવરણીય સંરક્ષણ માટે લેવાય રહેલ પગલાં પ્રદર્શિત કરવા માટે દર વર્ષે ૨૨મી એપ્રિલના દિવસે 'ધરતીદિન' તરીકે વિશ્વ સ્તરે ઉજવવામાં આવે છે.

વિશ્વ ધરતીદિનનું વર્તમાન સ્વરૂપ તેની મૂળ ઘટના સમયે 'વિશ્વ ધરતીદિન' તરીકે ગણાયું નહોતુ. પરંતુ, વર્ષ ૧૯૬૦ના ઉત્તરાર્ધથી એકાદ દાયકા સુધી અમેરિકામાં પ્રવર્તતી વાતાવરણની વાસ્તવિક ગૂંગળામણ સહિતની સમસ્યાને રાષ્ટ્રીય સ્તરે અવાજ ઉઠાવવાના ભાગરૂપે અમેરિકાના વિસ્કોનસીન સેનેટર ગૅલોર્ડ નેલશને, દેશના તમામ લોકોને ગામેગામ શહેરો, નગરો અને રસ્તાઓ સહિત જાહેર સ્થળો ખાતે ઊભા રહીને જન સમૂદાયની સમસ્યાને તારીખ ૨૨મી એપ્રિલ ૧૯૭૦ના દિવસે પ્રતીકરૂપે પ્રદર્શિત કરવા એલાન આપ્યુ હતું. આ સમસ્યાઓમાં, કેલિફોર્નિયામાં સાન્તા બાર્બરા ખાતે વિશાળપાયે ખનીજ ઓઈલ ઢોળાવાથી જીવસૃષ્ટિ સહિત થયેલ હાનિની દુર્ઘટના, ઔદ્યોગિક પ્રવૃત્તિથી ચીમનીમાંથી ફેંકાતા ધુમાડાને કારણે લાખો લોકોને શ્વાસ લેવામાં થતી ગૂંગણામણ, વગેરે બાબતો વિરૂદ્ધ સામુદાયિક પોકાર થકી આગામી સુંદર ભવિષ્યની માંગ માટે ૨૨મી એપ્રિલના રોજ જનસમૂહ ઊમટ્યો હતો. લાખો લોકોએ ઠેરઠેર પ્રદર્શિત કરેલ આક્રોશના દબાણ હેઠળ તત્કાલીન સરકારને હવા પ્રદૂષણ કાયદો બનાવવાની ફરજ પડી હતી.

સમગ્ર બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી પર જ જીવનનું અસ્તિત્વ છે. આ પૃથ્વી પર જીવસૃષ્ટિ ટકાવી રાખવા માટે કુદરતી સંપદાની જાળવણી કરવી ખૂબ જ જરૂરી છે. આપણી જીવનશૈલીમાં કુદરતી સ્ત્રોતોને બેફામ વેળફવાથી ધરતીની માવજત થવાને બદલે આપણે વિમુખ બનાવી રહ્યા છે.

એક તરફ ઔદ્યોગિકરણનો વ્યાપ વધી રહ્યો છે, બીજી તરફ ધરતી પરની વનસૃષ્ટિનો વિસ્તાર ખતરનાક સ્તરે ઘટી રહ્યો છે. આ અસમતુલિત પરિસ્થિતિના કારણે કલાયમેટ ચેન્જ કે મોસમ પરિવર્તનનો પ્રભાવ છેલ્લા કેટલાંક દાયકાઓથી ઉત્તરોત્તર વધી રહ્યો છે. જેના ભાગરૂપે વાતાવરણના સરેરાશ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે.

આ કુદરતી પરિબળોના પડકારોનો સરળતાથી સામનો કરવા માટે દરેક વ્યકિત નાની નાની કામગીરી કરે તેવા સંજોગોના નિર્માણથી, સમસ્યા હળવી બનાવી શકાય છે. જેમાં, ઘટતી વનસૃષ્ટિ અટકાવવા વૃક્ષારોપણ, વાહનોનો બીન-જરૂરી ઉપયોગ ટાળીને હવા પ્રદૂષણ થતું રોકવું, વેડફાતી વીજ બચાવી ઊર્જા સંરક્ષણ વધારવું, વગેરે પ્રકારની કામગીરી સહેલાઈથી કરીને વિશ્વના લોકો કાળજી લેશે, ત્યારે ક્લાયમેટ ચેન્જના વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આવા પગલાં વિરાટ કદમ બની શકે છે.

બીજી મોટી સમસ્યા ઘટતા કે દૂષિત થતા જળસ્ત્રાવોની છે. આ વોટર-બોડિઝમાં ઉદ્યોગોના જોખમી પદાર્થો પ્રવાહી કે અન્ય પ્રકારે ભળે છે. સરવાળે આ માનવ સર્જિત સમસ્યા પણ ગ્લોબલ વૉર્મિંગનું કારણ બને છે. પ્લાસ્ટિક બૅગ્સ પણ દુકાનદારો અને ગ્રાહકો છૂટથી વાપરે છે. પ્લાસ્ટિકના પદાર્થો નોન-ડિગ્રેડેબલ છે. માનવ સર્જિત પર્યાવરણને કથળતું કરનાર આ પણ પરિબળ છે.

**વિશ્વ ધરતીદિનની ઉજવણી**

પૃથ્વીની કુદરતી સંપદા જાળવવાના હેતુથી લાખો લોકો ઉત્સાહ અને રસપૂર્વક 'વિશ્વ ધરતીદિન'ની ઉજવણી કરે છે. ધરતીદિનના વિષયવસતુને આવરી લઈને લોકો શેરીઓ, જાહેર ઉદ્યાન કે ઓડિટોરિયમ, વગેરે જાહેર સ્થળોએ ભેગા મળીને જાહેર સ્વાસ્થ્ય, પર્યાવરણીય પ્રદૂષણની બાબતો, ઔદ્યોગિકરણ, નિર્વનીકરણ(ડિફોરેસ્ટેશન) વગેરે મુદ્દાઓને સૌના ધ્યાન પર મૂકે છે. આ પ્રસંગે કથળતા પર્યાવરણ, હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ, ઓઝોનપડના નુકશાન, ઔદ્યોગિકરણ, ડિફોરેસ્ટેશન, ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાયમેટ ચેન્જ જેવા ધરતીને આનુસંગિક પ્રસંગો સંબંધિત કાર્યક્રમોમાં શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓ ભાગ લે છે. સરકારી તંત્ર દ્વારા પૃથ્વીની સુરક્ષા માટે અમલમાં મૂકેલ કાયદાઓનું મોનીટરીંગ જુદાજુદા સ્તરે કરવામાં આવે છે.

આમ વિશ્વ ધરતીદિનનો હેતુ પૃથ્વીનું પર્યાવરણ વધુ સુંદર બનાવવા માટે લોકોને પ્રોત્સાહિત કરવાનો પણ છે. અલબત્ત, સમગ્ર વિશ્વસ્તરે વર્તમાન સમયમાં પર્યાવરણ ક્ષેત્રે પરિસ્થિતિ બદલાયેલ છે. ફળ સ્વરૂપે હવે આ ધરતીદિનની ઉજવણીમાં જુદાજુદા કાર્યક્રમો હેઠળ જરૂરી વિસ્તારોમાં રોપારોપણ કાર્યક્રમો પણ યોજાય છે.

ધરતીદિન પ્રસંગે કેટલાંક લોકો ગ્રીન અને બ્લ્યૂ રંગોથી પૃથ્વીનું ચિત્ર કે મોડલ તૈયાર કરે છે, જેમાં વન અને પ્રાણીસૃષ્ટિના અસ્થિત્વ તેમજ કુદરતી જીવનચક્રો, ગ્રીન હાઉસનો પ્રભાવ, ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાયમેટ ચેન્જની બાબતો પર ધ્યાન ખેંચે છે.

વિશ્વમાં કેટલાંક સ્થળો ખાતે લોકો ફુલ, પાંદડા કે પ્રતિકૃતિ તૈયાર કરીને ધરતીના પરોપકાર દર્શાવે છે. આવા જુદાજુદા પ્રકારના ઉમદા પ્રયાસોથી પૃથ્વીનું સમગ્ર પર્યાવરણ આપણાં સૌનું રહેઠાણ છે, તેવો સચોટ ઉમદા સંદેશ તૈયાર કરીને જનજાગૃતિનો વ્યાપ વધારવાના પ્રયાસો કરવામાં આવે છે.

**પર્યાવરણીય અને મોસમ શિક્ષણ**

આગામી ધરતીદિન ૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓને પર્યાવરણીય અને મોસમ શિક્ષણ મળી રહે તેવી કટીબદ્ધતા અર્થ ડે નેટવર્ક સંસ્થાએ જાહેર કરી છે. અમેરિકા સ્થિત અર્થ ડે નેટવર્ક સંસ્થાએ વૈશ્વિક પર્યાવરણીય તેમજ મોસમ શિક્ષણની ઝુંબેશનો પ્રારંભ કરવાનું જાહેર કર્યું છે. આવનાર વર્ષ ૨૦૨૦ના ધરતીદિન સુધીમાં આ કાર્યક્રમનું લક્ષ હાંસલ કરવાનું આયોજન નિરધાર્યુ છે, જેમાં સમગ્ર વિશ્વની સ્કૂલ ટાઈમમાં વિદ્યાર્થીઓને મળતા શિક્ષણમાં તેઓને પર્યાવરણ તેમજ મોસમ વિષયક શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરવાથી ધરતીની માવજત કરનાર તેઓ સુશિક્ષિત નાગરિકો બને તેવો ઉમદા આશય આ સંસ્થાએ વ્યક્ત કર્યો છે. વધુમાં, આ પ્રકારે ઘડાયેલ વિદ્યાર્થીઓ ધરતીની માવજત કરવાની દિશામાં સચોટ પગલાં પણ ભરશે તેમજ એકંદરે સામાજિક પરિવર્તન લાવવાનો અવાજ પણ બનશે તેવો સુચારૂ હેતુ જણાવ્યો છે. આ લક્ષ્ય પાર કરવાના આયોજનમાં અદ્વિતીય, ગંભીર અને સમયસરનો એકરાર કર્યો છે. વિશ્વના સેંકડો દેશોએ 'પેરિસ એગ્રીમેન્ટ'માં હસ્તાક્ષર કર્યા છે, તે બાબત મોસમ પરિવર્તનના પ્રભાવને ખાળવાનું એક સોપાન હાંસલ થયું છે. આ સંસ્થા દ્વારા અમેરિકામાં પર્યાવરણીય શિક્ષણ નીતિની પરિસ્થિતિ અંગે સંશોધન અહેવાલ ટૂંક સમયમાં પ્રકાશિત કરાશે, તેવી માહિતી આપી છે. વૈશ્વિક પર્યાવરણ અને મોસમ વિષયક શિક્ષણની ઝુંબેશમાં સરકારી તંત્ર, બીન-સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓ, વેપાર ધંધાના મહાજનો ભેગા મળીને આ ઉમદા વિચારને સાકાર કરી શકે તેમ છે.




### ધરતીદિન પ્રસંગે યોજી શકાય તેવા કાર્યક્રમો

- યોગ્ય સ્થળે રોપરોપણ કરી છોડ-વૃક્ષોની માવજત કરવી
- ઈકો-સિસ્ટમ વિષયક સપરિવાર ચર્ચા યોજી વૃક્ષોની ડાળીઓ માંહે પક્ષી-માળા તૈયાર કરવા
- પ્લાસ્ટિક બૅગ્સનો ઉપયોગ ટાળવા લોકોને પ્રોત્સાહિત કરવા
- જૂની ચીજ-વસ્તુઓનો રિયુઝ અને રિસાયક્લિંગ કરવા માટે બાળકોમાં સમજ કેળવવી
- ઈ-વૅસ્ટ ભેગો કરવાના ઝુંબેશ કાર્યક્રમોમાં ભાગ લેવો
- ધરતી તેમજ કુદરત વિષયક ગીતો અને સૂત્રો લખવા પ્રોત્સાહિત કરવા
- કુદરતી સંપદા વિષયક સેમીનાર, ચર્ચા તેમજ સ્પર્ધાઓના શૈક્ષણિક સત્રો યોજવા
- ઊર્જા બચત તેમજ બીન-પરંપરાગત ઊર્જાના વ્યવહારૂ વિકલ્પ યોજનાઓની ચર્ચા કરવી
- દરરોજ ધરતીદિન છે, તેવી જીવનશૈલી અપનાવીને ધરતીની માવજત કરવી